R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 17 DATE: 29-04-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ઇજીપ્તમાં પામ સન્ડેની ઉજવણી ટાણે બે ચર્ચમાં થયેલા આત્મઘાતી વિસ્ફોટથી ૪૪ ના મૃત્યુ : આઇએસે જવાબદારી સ્વીકારીઃ ઇજીપ્તમાં કટોકટી જાહેર કરાઇ

ઈજીપ્તના પાટનગર કેરોના ઉત્તરે આવેલા બે કોપ્ટિક ચર્ચમાં રવિવારે પામ સન્ડેની ઉજવણી નિમિત્તે ચાલી રહેલા પ્રાર્થના સભામાં કરાયેલા બોંબ વિસ્ફોટથી ૪૪ લોકોના મરણ નિપજ્યા હતા અને ૧૪૦થી વધુ ને ઈજાઓ પહોચી હતી.નાઈલ ડેલ્ટાના તન્ના અને એલેકઝાન્ડ્રીયામાં એમ બે ચર્ચમાં વિસ્ફોટ કરાયા હતા. આ વિસ્ફોટોની જવાબદાર ઈસ્લામીક સ્ટેટે સ્વીકારી હતી.

કેરોથી ૧૨૦ કી.મી.ના અંતરે આવેલા તન્તા ખાતે સેન્ટ જ્યોર્જ ચર્ચમાં થયેલા પ્રથમ વિસ્ફોટમાં ૨૭ લોકો માર્યા ગયા હતા. તો ૭૮ને ઈજા પહોચી હતી.કેટલાક સુત્રોના કહેવા પ્રમાણે આત્મઘાતી હુમલો થયો તો કેટલાક સુત્રોનું કહેવું છે કે ચર્ચની અંદર પહેલેથી બોંબ મુકવામાં આવ્યો હતો.ચર્ચની પ્રથમ હરોળમાં બેઠેલાઓને નિશાન બનાવાયા હતા. વિસ્ફોટમાં તન્ના કોર્ટના વડા સેમ્યુઅલ જ્યોર્જનું પણ અવસાન થયું હતું.

પોલીસે જણાવ્યુ હતું કે તન્તા ખાતેના કોપ્ટિક ચર્ચમાં થયેલા વિસ્ફોટના કલાક પછી જ એલેકઝાન્ડ્રીયાના માનશિયા જિલ્લાના સેન્ટ માર્ક કેથેડ્રોલ ખાતે આત્મઘાતી હુમલો થયો હતો. જેમાં ૩ પોલીસ જવાનો સહિત ૧૭ લોકો માર્યા ગયા હતા.અને ૬૬ને ઈજા પહોચી હતી.વિસ્ફોટકોનો બેલ્ટ ધારણ કરીને આવેલો આત્મધાતી હુમલાખોર ચર્ચની અંદર ઘુસીને વિસ્ફોટ કરવાનો ઈરાદો ધરાવતો હતો. પરંતુ સુરક્ષા દળોએ તેને રોક્યો હતો તે અથડામણમાં સુરક્ષા કર્મીઓ પણ માર્યા ગયા હતા.ચર્ચમાં તે સમયે પોપ તાવર્દોશની ઉપસ્થિતિ હતી.પરંતુ તેઓ હુમલામાં બચી ગયા હતા.

સુરક્ષા દળોએ તે દરમિયાન તન્ના શહેરમાં જ આવેલી સીદે અબદેલ મસ્જીદમાં મુકાયેલા બે બોમ્બ પર નિષ્ક્રીય કર્યા હતા.તે સુફી સ્થાન છે.આત્મઘાતી હુમલાને પગલે પ્રમુખ અબદેલ ફતેહે નેશનલ સુરક્ષા પરિષદની બેઠક બોલાવી હતી. ઈજીપ્તના લઘુમતી ખ્રિસ્તી સમુદાયને નિશાન બનાવીને ઈસ્લામી કટ્ટરપંથીઓ વારંવાર હુમલા કરતા રહે છે.પોપ ફ્રાંસિસ આરબ વિશ્વના સૌથી વધુ વસતી ધરાવતા કેસો શહેરની મુલાકાતે આવવાના છે તેની ગણતરીના સપ્તાહ પહેલાં જ ચર્ચને નિશાન બનાવાયા છે. ઈજીપ્તમાં ૧૦ટકા જેટલી ખ્રિસ્તીઓની વસ્તી છે.ઈસ્ટરની ઉજવણીના અઠવાડિયા પહેલાં જ આ ઘટના બની છે. પોપ ફ્રાંસિસે બોમ્બ વિસ્ફોટની ઘટના પરત્વે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

## સુરતમાં વડાપ્રધાનનો ઐતિહાસિક રોડ શો :૧૨ કી.મી. લાંબામાર્ગ પર જનમેદની ઉમટી પડી

વડાપ્રધાન મોદીએ સુરતમાં રોડ શો કર્યો અને તેમાં ૧૨ કીમીના માર્ગ પર ભારે જનમેદની ઉમટી પડી.વડાપ્રધાને તેમની સુરતની આ મુલાકાતને અવિસ્મરણીય ગણાવી હતી. એરપોર્ટથી સર્કીટ હાઉસ સુધી ૧૨ કીમીના રોડ પર તેમના સ્વાગત માટે કલાકોથી રાહ જોઈને ઉભી રહેલી જનતાને વડાપ્રધાને નમન કરીને પ્રતિસાદ આપ્યો હતો.જનમેદની જોઈને વડાપ્રધાન મોદી ગદ્ગદ થઈ ગયા હતા.દીવાળીના તહેવારોની જેમ સમગ્ર સુરતને શણગારાયું હતું.વિવિધ સમાજ,સાધુ સંતો,સંગઠનો દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું.રોડ શો બે કલાકથી વધુ સમય ચાલ્યો હતો.રોડશોની સાથે સાથે સુરતના યુવકો અને યુવતીઓએ બાઈક રેલી યોજી હતી જેમાં પચીસ હજાર બાઈકસવારો સામેલ થયા હતા.

ભુવનેશ્વરથી ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક પુરી કરી તેઓ આવ્યા હતા.

## ધાર્મિક આઝાદી માટે આતંકવાદ ગંભીર જોખમ : અમેરીકી પ્રમુખ ટ્રમ્પ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ છે કે આતંકવાદ દુનિયાભરમાં ધાર્મિક આઝાદી માટે સૌથી મોટા જોખમોમાંનું એક છે.અને તેઓએ એવી ઉત્તમ આવતીકાલની આશા વ્યક્ત કરી હતી કે જેમાં હિન્દુ સહિત તમામ ધર્મોના લોકો પોતાની આસ્થા પ્રમાણે ધર્મને અનુસરીને રહી શકે.રેડિયો અને વેબમાં પોતાના સાપ્તાહિત સંબોધનમાં અમેરિકન રાષ્ટ્રપ્રમુખે કહ્યુ હતું કે અમેરિકાએ પુજન-અર્ચન કરવાની આઝાદીને પુષ્ટિ આપી છે.

તેમણે કહ્યુ હતું કે અમેરિકાનું આ એજ સ્વપ્ન છે કે જેને સૌથી પહેલાં વસનારા લોકોએ અમારા વિશાલ મહાદ્રિપમાં જોયું હતું અને આજ વચન છે કે અમારા બહાદુર યોધ્ધાઓએ સદીઓથી, લાંબા સમયથી અમારા તમામ નાગરિકોની રક્ષા માટે નિભાવ્યુ છે.તેમણે કહ્યુ હતું કે દુઃખદ વાત એ છે કે દુનિયાભરમાં અનેકની પાસે એવી આઝાદી નથી અને ધાર્મિક આઝાદી માટે સૌથી ગંભીર જોખમોમાં એક આતંકવાદનું જોખમ છે.તેમણે ઈજીપ્તના બ ે ચર્ચ પર થયેલા હુમલાની નિંદા કરી હતી.

## ઇસ્લામની ખરાબ ઇમેજ માટે અન્ય કોઇ નહીં ખુદ પાકિસ્તાન જ જવાબદાર છે. મલાલા યુસુફઝાઇ

નોબલ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફઝાઈએ એક યુનીવરસીટીમાં ઈશનિંદાના આરોપસર એક વિદ્યાર્થીની હત્યાઅંગે વિરોધ કરતાં કહ્યુ હતું કે વિશ્વમાં પાકિસ્તાનની ખરાબ ઈમેજ માટે સ્થાનિક લોકો જ જવાબદાર છે.મલાલાએ કહ્યુ હતું કે દુનિયાભરમાં ઈસ્લામ અને પાકિસ્તાનની ખરાબ ઈમેજ માટે પાકિસ્તાન જ જવાબદાર છે.આપણે વાત કરીએ છીએક ઈસ્લામ અને પાકિસ્તાનને કઈ રીતે લોકો બદનામ કરી રહ્યા છે. કોઈ આપણા દેશ અને ધર્મને બદનામ કરતું નથી.આ કામ આપણે ખુદ જ કરી રહ્યા છીએ.આના માટે આપણે જ પુરતા છીએ.મશાલ નામના જર્નાલીઝમના વિદ્યાર્થીની પાકિસ્તાનમાં ટોળાએ હત્યા કરી નાંખી હતી. મશાલ પર ફેસબુક પર ઈશનીંદા કરવાનો આરોપ લગાવાયો હતો.પાકિસ્તાનમાં કોઈને ફસાવી દેવા હોય તો ઈશનિંદાનું શરણું લેવું સ્વાભાવિક બની ગયું છે.લોકો વેર લેવા માટે પણ આનો સહારો લે છે તેવા અનેક કિસ્સા સામે આવ્યા છે.પરંતુ કટ્ટરવાદીઓ સામે કોઈનું કંઈ ચાલતું નથી.

## ભાજપાની રાષ્ટ્રીય કારોબારીમાં ટ્રિપલ તલાકનામુદ્દે વડાપ્રધાન મોદીએ નિવેદન આપ્યું

વડાપ્રધાન મોદીએ ટ્રિપલ તલાકના મુદ્દે ભારપુર્વક કહ્યુ હતું કે મુસ્લીમ મહિલાઓનું શોષણ બંધ થવું જોઈએ અને તેમને ન્યાય મળવો જોઈએ. આ સાથે જ તેમણે આ મુદ્દે મુસ્લીમ સમુદાયમાં ઘર્ષણ ઉભુ કરવાના પ્રયાસને પણ વખોડ્યા હતા એ કહ્યુ હતું કે સમાજિક જાગૃતિ લાવીને આ મુદ્દો ઉકેલવો જોઈએ.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં મોદીના ભાષણ અંગે જણાવતા કહ્યુ હતું કે તેમણે સામાજિક ન્યાયની વાત કરી હતી.તેમણે મુસ્લીમ બહેનોને ન્યાય મળે તેની વાત કરી હતી.તેમની સાથે અન્યાય ન થવો જોઈએ જે કોઈ સામાજિક દુષણ છે તે અંગે આપણે સમાજને જાગૃત કરવો જોઈએ અને મુસ્લીમ મહિલાઓને ન્યાય અપાવવા માટે પ્રયાસ કરવા પડશે.મોદી સરકારે ઓક્ટો.માં સુપ્રીમ કોર્ટમાં મુસ્લીમોના ટ્રિપલ તલાક,નિકાહ હલાલા, અને બહુપત્નીત્વની પ્રથાનો વિરોધ કર્યો હતો અને સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતા અને આ મામલે ફેરવિચાર કરવાની તરફેણ કરી હતી.

બેઠકમાં મોદીએ પોતાના પ્રવચનમાં વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા હતા.એવોર્ડ વાપસીની લઈને ઈવીએમ સુધીના મુદ્દાઓ પર વિરોધ પક્ષો પર નિશાન સાધ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યુ હતું કે તેઓ મુસ્લીમોમાં સંઘર્ષ નથી ઈચ્છતા, પરંતુ તમામને ન્યાય મળે તેમ ઈચ્છે છે.વડાપ્રધાને ફરી એક વખત ન્યુ ઈન્ડીયાના ફોર્મ્યુલાને આગળ વધારવાની વ ાત કરી હતી. બેઠકમાં સરકારની ત્રણ વર્ષની કામગીરીનો રિપોર્ટ પણ રજુ કરવામાં આવ્યો હતો.

બેઠકની પુર્ણાહુતિ પ્રસંગે તેમણે મુસ્લીમોની આર્થિક ખરાબ સ્થિતિનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. પાર્ટીને સલાહ આપી કે તેઓ પછાત મુસ્લીમો પર એક કોન્ફરન્સ બોલાવે. પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવાની ચર્ચા દરમિયાન પીએમએ કહ્યુ કે મુસ્લીમોમાં કેટલાક વર્ગો પછાત છે. તેમને પછાત વર્ગો અંગેની ચર્ચામાં સામેલ કરવા જોઈએ.

## દેશમાં માત્ર ૧૭૦૭ કતલખાના જ કાયદેસર છે

ઉત્તરપ્રદેશમાં કતલખાના બંધ કરવા માટે આટલો મોટો વિવાદ ચાલી રહ્યો છે ત્યાં તાજેતરમાં થયેલા આરટીઆઈને કારણે સમગ્ર દેશમાં રહેલા કતલખાના અંગે ચોકાવનારો ખુલાસો થયો છે.સમગ્રદેશમા માત્ર ૧૭૦૭ કતલખાના જ ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ ૨૦૦૬ હેઠળ નોધાયેલા છે.સૌથી વધારે રજીસ્ટર્ડ કતલખાના ધરાવતાં રાજ્યોમાં તામિલનાડુ,મધ્ય પ્રદેશ,અને મહારાષ્ટ્ર મોખરે છે.બીજી તરફ અરુણાચલ પ્રદેશ અને ચંડીગઢ સહિતના આઠ રાજ્યો એવા છે કે જેમાં એક પણ કતલખાનું રજીસ્ટર્ડ નથી.મધ્યપ્રદેશના નિમચના રહેવાસી આઈટીઆઈ કાર્યકર્તા ચંદ્રશેખર ગૌડે જણાવ્યુ હતું કે ફુડ એન્ડ લાઈસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન સિસ્ટમ પાસેથી તેમને આ આંકડા આરટીઆઈ દ્વારા મળ્યા હતા.ગૌડની આરટીઆઈ અંગે એક અધિકારીએ જણાવ્યુ કે અરુણાચલ પ્રદેશ,ચંડીગઢ,દાદરા અને નગર હવેલી,દમણ અને દીવ,મિઝોરામ,નાગાલેન્ડ,સિક્કીલ તથા ત્રીપુરામાં એકપણ કતલખાનું રજીસ્ટર્ડ નથી.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મંદિર,માંસ,તલાક અને રોડ શો વિકાસ માટેના આ બધા મુદ્દાઓ આપણે હાલમાં જોઈ રહ્યા છીએ. સુપ્રીમ કોર્ટે કોર્ટ બહાર મંદિરના મુદ્દે સમાધાન થાય તે જોવા સુચન કર્યુ છે.ભ્રામક બાબતોને રજુ કરીને લોકોને વિચલત કરવાના પ્રયોગો ચાલી રહ્યા છે.માંસના નામે લોકોની લાગણીઓ સાથે ચેડાં કરીને હાલ પુરતુ તો લાગણીઓ જીતવાનો પ્રયત્ન પણ કરવામાં આવી ર હ્યો છે.કતલખાનાઓ જરુરીયાતમંદોની જરુરીયાત પુરા કરવા માટે ચાલતાં હતા.અને તેમાં સ્થાનિક લોકોને રોજગારી મળી રહેતી જેઓ એજ બાબતમાં યોગ્ય હતા.હવે તેમને બેરોજગારીનો સ્વાદ ચાખવા મળી રહ્યો છે તેમને માટે શુન્યાવકાશ સર્જાયો છે કરવું તો શું કરવું તેમની પાસે કોઈ ટેકનીકલ જ્ઞાન તો છે નહીં અને તેઓ બહુમતી વર્ગથી તરછોડાયેલા તો હતાજ.

હવે તેમણે શું કરવાનું અજાન નહીં કરવાની,તેમના લગ્નો કે રિવાજોમાં પણ સરકાર દખલ કરતી થઈ ગઈ.તલાકને ગેરમાન્ય ઠરાવાયા.મુસ્લીમ મહિલાઓને તલાકના મુદ્દે ન્યાય મળે તે વ્યાજબી છે. તો સામે એ પણ જોવું જોઈએ કે ફેમીલી કોર્ટોમાં છુટાછેડા માટેના કેસો કેટલા છે તેમાં બહુમતી વર્ગ હિન્દુઓનો છે તો તેમાં શુ કરવાનું. છુટાછેડા અને તલાક બેઉ યોગ્ય નથી કારણકે તેમ કરવાથી કોઈને અન્યાય થવાનો.પરંતુ જ્યારે તેમને જીવન ચલાવી લેવા માટે યોગ્ય કારણો ના હોય તો પછી છુટા પડવાના વિકલ્પને મંજુર કરવો કે નહી. તે વિચારવું રહ્યું.

રોડ શો, વિકાસની કોઈ પારાશીશી છે ? રોડ શો મફતમાં તો નથી થતા તેની પાછળ વેડફાતાં નાણાં કોના અને કેવી રીતે આવે છે.અંધશ્રધ્ધાળુઓનો દેશમાં તોટો નથી તેનો મતલબ આ ઘેટાઓનું ટોળું દેશને કઈ દિશામાં લઈ જઈ રહ્યું છે.વિરોધીઓનો ખાત્મો એક જ મિશન દેખાઈ રહ્યુ છે જેથી જ્યાં સુધી જીવો ત્યાં સુધી રાજ કરો.કોઈ પ્રતિસ્પર્ધીના રહે અને સહુ કોઈ દબાતા જ રહે એવી મુરાદ લોકશાહીની ઘોર ખોદી રહી છે.

## મંતવ્ય

ઈવીએમ મશીનો સાથે ચેડા થઈ શકે છે કે કેમ તેવો સવાલ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ચુંટણી પંચને કર્યો છે. બહુજન સમાજવાદી પાર્ટીએ ધાખલ કરેલી અરજી પર કેન્દ્ર અને ચુંટણી પંચને નોટીસ જારી કરીને આઠ મે સુધી જવાબ તલબ કરવાનો સુપ્રીમે આદેશ આપ્યો છે.બસપાએ સુપ્રીમના ૨૦૧૩ની માર્ગરેખા મુજબ ચુંટણીમાં પારદર્શિતા લાવવા ઈવીએમની સાથે વીવીપીએટીનો ઉપયોગ કરીને તેની સાથે ચેડાં ન થઈ શકે તેને તેવી બનાવવાની માંગણી કરી છે. જો કે કોગ્રેસ,તુણમુલ કોગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ પણ પોતાની દરમિયાનગીરી દાખલ કરવાની મંજુરી આપી હતી.હવે ચુંટણી પંચ કેવી સિસ્ટમ અપનાવે છે અને સુપ્રીમ કોર્ટ કેવી ગાઈડ લાઈન દ્વારા ચુંટણીમાં થતા ગોટાળા અટકાવવા અને થયેલા ગોટાળાને સુધારવા કવાયત હાથ ધરે છે તે જોવાનું રહ્યુ.

મનસુખભાઈ વી. ગોહિલ

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ઉત્તરપ્રદેશમાં ધર્માંતરણની શંકાથી ચર્ચમાં પ્રાર્થનાસભા અટકાવાઇ

શંકાના આધારે હિદુત્વ કટ્ટરવાદીઓને માટે દેશમાં કોઈ કાયદો નથી અને તેને અટકાવવાની કોઈ જવાબદારી સત્તા પર બેઠેલા લોકોની નથી એવું હવે સાબિત થવા લાગ્યું છે.ઉત્તરપ્રદેશના મહારાજગંજ જિલ્લામાં આવેલ સિસવાના ડઢોલી ગામ સ્થિત ચર્ચમાં દસ અમેરિકનો સહિત ૧૫૦ જેટલી વ્યક્તિ પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે હિન્દુ યુવા વાહિનીને શંકાને આધારે ફરિયાદ કરતાં પોલીસે પ્રાર્થના સભા અટકાવી દીધી છે. હવે દેશનું લોકશાહીનું વરેલું બિનસાંપ્રદાયિક બંધારણ ક્યાં ગયું .કોઈ નાગરિકને તેનો ધર્મ પાળવાની સ્વતંત્રતા નથી અને તેમા ગમે ત્યારે કહેવાતા સત્તાધારીઓના ગુંડાઓ ગમે ત્યાં રુકાવટ કરી શકે.ગૌવંશની રક્ષા માટે કરતાં અતિરેક માટે વડાપ્રધાને ખુદને કહેવું પડ્યું છે કે ગૌરક્ષાના નામે કેટલાક ગુંડાતત્વો દેશમાં અરાજકતા ફેલાવી રહ્યા છે.તો હવે વડાપ્રધાને એ પણ કહેવું પડશે કે ધાર્મિક વિવાદો ઉભા કરીને ગમે ત્યાં ગમે ત્યારે ઉભી કરવામાં આવતી ફરિયાદો અને પોલીસની સંમતિને અટકાવવી પડશે. પોલીસે કાયદા સિવાયની કોઈપણ બાબતને સત્તાધારી પક્ષની ચમચાગીરી કરવામાંથી બહાર આવવું પડશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા ૨૦૦૨માં સ્થાપિત કરાયેલ હિન્દુ યુવા વાહીનીએ ચર્ચના પાદરી યોહન્નાન એડમની વિરુધ્ધ ફરિયાદ નોધાવી હતી કે આ યુવા બ્રિગેડને આ પાદરી પર શંકા છે કે તેઓ ધર્માંતરણ કરાવે છે.એડમ હિન્દુઓનું ધર્માંતરણ કરાવી રહ્યા છે એવી પ્રબળ શંકા છે.જો કે આ આરોપ સાચો નથી પરંતુ ગૌરક્ષા અને ધર્મના નામે ગુંડાગીરી આચરી રહેલા કેટલાક તત્વો માટે શંકા એ જ મહત્વનું છે. તેમને દેશનો કોઈ કાયદો લાગુ પડતો નથી અને તેને પડવા દેવામા આવતો નથી કારણકે સત્તાધારીઓના તેમના પર આર્શીવાદ છે.ડઢોલીના પોલીસ અધિકારી આનંદકુમારે જે કારણ દર્શાવ્યું છે તે એ છે કે પ્રાર્થના સભા માટે અગાઉથી પરવાનગી લેવામાં આવી નથી.અમે ફરિયાદ નોધ્યા પછી પ્રાર્થના સભા પર પ્રતિબંધ મુક્યો હતો.ખોટી તપાસ ચાલી રહી છે.અને પોલીસનું કહેવુ છે કે ફરિયાદ સાચી હશે તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.વિકાસના નામે વોટ માંગીને સત્તા પર ચઢી બેઠેલા લોકોના સમર્થકો હવે દેશમાં તેમા છુપા એજન્ડાઓનો બહોળો પ્રસાર,પ્રચાર કરી રહ્યા છે અને સાથે સાથે હિંસાનો આશરો લઈ રહ્યા છે. ગૌરક્ષા કરવા માટે પોલીસ અને કાયદો બેઉ છે પછી આવા તત્વોને ખુલ્લો દોર આપવાની જરુર જ ક્યાં છે તેવું હાલમાં કોર્ટોએ અવલોકનમાં કહ્યુ છે.હવે ગાયને હિદુઓ સિવાય પાળનારાઓ માટે એક આફત બની જશે.હિદુઓ સિવાયના અન્ય ધર્મીઓ પર પાકિસ્તાનની જેમ ઈશનિદામાં ગમે ત્યારે ગમે તેને ફસાવી દેવાય તેમ ભારતમાં ધર્મ પરિવર્તનની શંકાને આધારે દેશના ગમે તે ખ્રિસ્તી ધર્મના અનુયાયીને ફસાવી શકાય કારણકે સરકાર અને પોલીસ બેઉ તેમનુ કહ્યુ કરે તેમ છે. તેથી આવા તત્વો બેફામ બનીને ગમે તે કરી શકે છે.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

# એનઆરઆઇ માટે જુની ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બદલવા સરકારે છેલ્લી મુદત ૩૦ જુન સુધી નક્કી કરી

સરકારે આઠ નવેમ્બરના રોજ રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટ ચલણમાંથી રદ કરી હતી. સરકારે તેના સ્થાને રુપીયા ૫૦૦ અને રુ.૨૦૦૦ની નોટ ચલણમાં મુકી હતી.સરકારે જુની નોટ બદલવા ૩૦ ડિસેમ્બર સુધીનો સમય મુકરર કર્યો હતો.તેમજ અન્યો માટે ૩૧મી માર્ચ સુધીમાં યોગ્ય પુરાવા રજુ કરવાથી નોટો પરત લેવાશે તેવી ખાત્રી આપી હતી. પરંતુ ૩૧ ડિસેમ્બર બાદ સરકારના આ વચનમાં કેટલીક બાબતો એવી બની કે નોટો સ્વીકારવાનું બંધ કરવામાં આવ્યું. પરંતુ વિદેશમાં વસતા ભારતીયો માટે આ મુદત ૩૦ જુન સુધીની છે.એનઆરઆઈ મુંબઈ,દિલ્હી, ચેન્નાઈ,કોલકત્તા અને નાગપુર ખાતે આવેલ રિઝર્વ બેન્કના કાઉન્ટર પર આ નોટ બદલાવી શકશે.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**ગુજરાતના પનોતાપુત્ર અને લોકલાડીલા વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઇ મોદીનું ગુજરાતમાં ભાવભર્યું સ્વાગત છે.**

**ગુજરાત એટલે વિકાસ..... વિકાસ એટલે ગુજરાત**
**માન. વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે સુરત,ભરુચ અને નર્મદા**
**જિલ્લાના આદિવાસી ખેડુતો માટે રૂ.૯૫૮ કરોડના ખર્ચે**
**નિર્માણ પામનાર ત્રણ જુદા જુદા ઉદ્‌વહન યોજનાઓનું ખાતમુર્હત**
**તથા**
**તાપી જિલ્લા માટે રૂ.૪૪૦ કરોડના ખર્ચે નિર્મિત**
**જુથ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું તેમજ**
**સુમુલ ડેરીના સુર્વણ જયંતી મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો**

**સૌરાષ્ટ્રના જળાશયોને નર્મદાના નીરથી ભરવા માટે**
**સૌની યોજના લિંક -૨ના રૂ.૧૫૦૦ કરોડના ખર્ચે નિર્માણ**
**થયેલ તબક્કા-૧નું લોકાર્પણ કરવામાં આવ્યું તથા**
**તબક્કા-૨નો શુભારંભ કરવામાં આવ્યો**

**ફાયદા..**
**૯ જળાશયો ભરાશે**
**૧૯૦ ગામોને લાભ**
**૧,૨૬,૨૭૭ એકર જમીનને સિંચાઇનો ફાયદો**
**તબક્કા-૧ના ૫૨ કી.મી.લંબાઇના રૂ.૧૫૦૦ કરોડના કામોનું લોકાર્પણ**
**તબક્કા-૨ના ૭૪ કી.મી. લંબાઇના રૂ.૧૬૯૫ કરોડના કામોનો શુભારંભ**
**બોટાદના-3,ભાવનગરના -૫ અને સુરેન્દ્રનગરના -૧ જળાશયો ભરાશે**
**બોટાદ,ગઢડા,ભાવનગર,પાલિતાણા,ઉમરાળા અને ગારિયાધારને પીવાના**
**પાણીની ઉપલબ્ધિ**

**ગુજરાતના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે**

| | |
|---|---|
| **શ્રી નીતિનભાઇ પટેલ** | **શ્રી વિજય રૂપાણી** |
| **નાયબ મુખ્યમંત્રી** | **મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય** |

# બાળકોમાં શિસ્તનું મહત્વ શું છે કોણ સમજાવશે ?

આજકાલ ઘર કે શાળામાં બાળકોના વર્તનથી વાલી કે શિક્ષક ક્યારેય ખુશ નથી.વાલી કે શિક્ષક જે ઈચ્છે તે પ્રમાણે બાળકો વર્તન કરતા નથી.પરિણામે વાલી અને શિક્ષક બંને દુઃખી થાય છે.જો દબાણપુર્વક શિસ્ત લાવવાના પ્રયત્નો કરવામાં આવે તો પરિણામ ધાર્યા આવતાં નથી. પરિણામે પ્રશ્ન ઉભો થાય છે કે , શું બાળકો ઈચ્છે તેમ અને ધારે તેમ કરવા દેવું ? આ બાબત બાળકોની શિસ્ત સાથે સંકળાયેલ પ્રશ્ન છે તો આવો વિચારીએ કે બાળકોમાં શિસ્ત લાવવા માટે શાળા અને વાલીઓ એ શું કરવું જોઈએ .

પહેલો પ્રશ્ન થાય કે શિસ્ત એટલે શું ? બાળકો બોલ્યા ચાલ્યા વિના અદબ વાળીને બેસી રહે એને શિસ્ત કહીશું ? ના. તો અમદાવાદમાં એક શિક્ષકે પોતના જન્મ દિવસ પર ભરુચથી માંડીને મહેસાણા જિલ્લા સુધીના શિક્ષકોએ વિચારેલી વાત અહી રજુ કરુ છું.આ શિક્ષકોના મતે શિસ્ત એટલે પોતાની જાત પર નિયંત્રણ.સામાજિક રીતેયોગ્ય વ્યવહાર.શોભે એવું વર્તન. સારો જીવન વ્યવહાર. દેખીતો સભ્ય વ્યવહાર. પોતાની વાણી અને વર્તન પર યોગ્ય નિયંત્રણ.

શિસ્ત ધરાવતાં બાળકોના વર્તન કેવા હોય ? તો, તેઓ શાળા કે ઘર કે સમાજે બનાવેલ નિયમોનું પાલન કરતા હોય,શાળામાં નિયમિત ગણવેશ પહેરે,શાળા કક્ષાના દરેક કાર્યોમાં સમયપાલન કરે. શાળામાં રિસેસ કે છુટતી વખતે શાળાએ કરેલા નિયમોનું પાલન કરે.પોતાનાથી નાના સભ્યને પોતાના વર્તન દ્વારા શિસ્ત શીખવે. શિસ્ત ધરાવતાં બાળકોના ઘરમાં પણ ચોક્કસ પ્રકારના વર્તનો જોવા મળે છે.જેમકે માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું,પોતે ઉપયોગ કરતો હોય તે વસ્તુઓ યોગ્ય સ્થાને રાખે અને ગોઠવે, પોતાના ભાઈ-બહેન સાથે યોગ્ય વ્યવહાર કરે, મહેમાનો કે પરિચિતો સાથે યોગ્ય વ્યવહાર કરે.(આજે તો કેટલાંક ઘરોમાં મહેમાન આવે એટલે બાળક પોતાના રુમમાં ચાલ્યો જાય છે.વાલી ઘરે ન હોય અને કોઈ પરિચિત વ્યક્તિ ઘરે આવે તો હસીને સ્વાગત કરતાં પણ નથી આવડતું.)ઘરના નિયમોનું પાલન કરે. શિસ્ત ધરાવતાં બાળકમાં સામાજિક વર્તનો પણ જોઈએ.જેમકે જાહેર સ્થળો કે સમારંભોમાં પોતાનું વર્તન યોગ્ય રાખે, જાહેર સ્થળોએ નિયમોનું પાલન કરે. ટ્રાફિકના નિયમોનું પાલન કરે, રસ્તાની ડાબી બાજુએ વાહન હાંકે, જાહેર મિલ્કતોની જાળવણી કરે અને નુકશાન તો ન જ કરે.અન્ય કોઈ નુકશાન કરતું હોય તો તેને અટકાવે,ગંદકી ન કરે, દરેક વ્યક્તિ સાથે શાળા, ઘર કે સમાજમાં સભ્યતાભર્યા વાણી અને વર્તન કરે.બાળકોમાં શિસ્ત લાવવા માટે લાંબા લાંબા ભાષણો સાર્થક ન પણ નીવડે.આવા સમયે કેટલાંક સુત્રો-ઉક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ.જેમકે શિસ્તનો સહવાસ,જીવનમાં ઉજાસ,શિસ્ત એ સફળતાની પગદંડી છે.શિસ્ત વધારો,આત્મવિશ્વાસ વધશે.શિસ્ત વિનાનો માણસ રાક્ષસ સમાન છે.શિસ્તની શરુઆત મારાથી જ.શિસ્ત વિનાનું જીવન એટલે બ્રેક વગરનું વાહન વગેરે.બાળકોની સામે મહાન વ્યક્તિઓના શિસ્ત વિષયક ઉદાહરણો પુરા પાડવા જોઈએ.જેમકે ગાંધીજી, વિવેકાનંદજીના જીવનના ઘણાં પ્રસંગો, સૈન્યની શિસ્તના ઉદાહરણો વિગેરે.આ ઉપરાંત શિસ્ત શીખવવા માંગતી વ્યક્તિ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં શિસ્ત વિકસાવવાનો પ્રયત્ન કરશે તો ધારી સફળતા મળશે.બાળકોમાં શિસ્તના મુલ્યને વિકસાવવા શાળા કક્ષાએ કેટલીક પ્રવૃત્તિઓ ચોક્કસપણે કરવી જોઈએ. જેમકે શાળામાં લાઈન-હારબંધ આવવું-જવું,પ્રાર્થનામાં કે વર્ગખંડમાં શાંતિથી બીજાને ખલેલ ન પડે તે રીતે બેસવાની ટેવ પાડવી, શાળાની મિલ્કતો જાળવવાની જવાબદારી સોંપવી.અન્ય બાળકને મદદ કરે તેવી ભાવના વિકસાવવી, બાળકોના જવાબદારીવાળા કાર્યો સોંપવા અને તેમની પર વિશ્વાસ રાખવો વિગેરે.આ ઉપરાંત શિક્ષકે પણ પોતાના વર્તન દ્વારા બાળકોને શિસ્તના પાઠ શીખવવાના છે,ત્યારે શિક્ષકના વર્તન કેવા હોવા જોઈએ? શિક્ષકે સમયનું ચુસ્ત પાલન કરવું જોઈએ. સમયસર શાળામાં આવવું અને જવું. સમયસર વર્ગખંડમાં આવવું-જવું વગેરે. પોતાના પોશાક,વાણી અને વર્તન દ્વારા આર્દશ વ્યક્તિનું ઉદાહરણ પુરુ પાડે. પોતે લીધેલા સંકલ્પો અને તેનું પાલન કરતાં હોય ત્યારે તેને વિદ્યાર્થી સમક્ષ રજુ કરો. સમાજમાં બનતી ઘટનાઓમાંથી પ્રગટતી શિસ્તની વાતો કરો તેમજ જ્યાં જ્યાં અશિસ્ત જેવું દેખાય તેને વખોડવાની તક બાળકોની સાથે ઝડપો.વિવિધ પ્રસંગો બાળકો સામે રજુ કરો.જેમાં શિસ્તથી થયેલ લાભ અને અશિસ્તથી થયેલ નુકશાન બાળકોને જણાવો.શિસ્તમાં રહેતાં બાળકોને પ્રોત્સાહિત કરો અને અશિસ્ત આચરતાં બાળકોને શિસ્તમાં લાવવા સમજાવો.શિક્ષક એકલો ગમે તેટલું કરશે, પણ જો વાલીનો સહકાર નહીં હોય તો પણ ધારી સફળતા નહીં મળે.શિક્ષકે શાળામાં અને વાલીએ ઘરમાં શિસ્તનો આગ્રહ રાખવાનો છે તેમજ ઉદાહરણરુપ બનવાનું છે.વાલીએ પણ બાળક પાસે ઘરમાં કેટલીક બાબતોનો આગ્રહ રાખવો જોઈએ. જેમકે પોતાનું કામ જાતે જ કરે.વડીલો સાથે સભ્યતાપુર્વકનું વર્તન કરે.વ્યક્તિગત સ્વચ્છતા જાળવે.ઘરના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવે. ઘર બહાર જાહેર સ્થળોએ કેવા વર્તન કરવા જોઈએ તેનું માર્ગદર્શન વાલી આપે તેમજ અયોગ્ય વર્તન માટે સતત ચેતવણી પણ આપે.આમ છતાં કેટલાંક વાલી પોતેજ અશિસ્ત આચરતાં હોય છે.જેને જોઈને બાળકો પણ તેમના જેવા વર્તન કરતાં થઈ જાય છે.વાલી પોતે બાળકો પાસે શિસ્ત કે સારા વર્તનોની અપેક્ષા રાખે છે. પણ પોતે તેમાંથી છટકવાનો પ્રયત્ન કરે છે.માટે જ ઘણાં બાળકો પોતાના વાલીનું કહ્યું કરતાં નથી.આવા વાલીને જાગૃત કરવા માટે શાળાએ અવારનવાર વાલી મીટીંગ કરવી જોઈએ. વાલીને તેમના બાળકોની શિસ્તને લગતી બાબતોથી પરિચિત કરવા જોઈએ. બાળકોએ કરેલ પ્રવૃતિ કે સારા કામને વાલી સમક્ષ રજુ કરવા જોઈએ. શાળાના વિવિધ કાર્યક્રમોમાં વાલીને અવશ્યપણે ભાગીદાર બનાવવા અને પુરતી કાળજી રાખી આમંત્રિત કરવા. શાળામાં વિદ્યાર્થીના સારા વર્તન માટે કે ચોક્કસ પ્રગતિ માટે વાલીની હાજરીમાં તેમનું સન્માન કરવું જોઈએ. વાલીનું પણ સન્માન કરી શકાય.

ટુંકમાં બાળકોમાં શિસ્ત લાવવા માટે શાળા અને ઘર એટલે કે શિક્ષક અને વાલી બંનેએ પ્રયત્નો કરવા પડશે. આ માટે વિવિધ પ્રવૃત્તિઓ અને પોતાના વર્તનો દ્વારા બાળકોમાં શિસ્ત પ્રત્યેનો લગાવ પેદા કરવો પડશે, તો જ સફળતા મળશે.

ડો.અશોક પટેલ(સૌ.સંદેશ)

# સંસ્કાર,સભ્યતા,દેશપ્રેમ અને સંસ્કૃતિની વાતો કરનારાઓનું આસુરી સ્વરુપ પ્રગટ થયું છે

મધ્યપ્રદેશના આરએસએસના એક નેતા નામે કુંદન ચંદ્રાવતે કેરળના મુખ્યમંત્રીનું માથુ વાઢી લાવનારને એક કરોડનું ઈનામ આપવાની જાહેરાત કરીને સંસ્કાર,સંસ્કૃતિ અને સભ્યતાની તમામ હદો પાર કરી દીધી છે.સાથે સાથે તેમણે એમ પણ કહ્યુ કે ગોધરાકાંડમાં ૫૬ ની સામે અમે ૨૦૦૦ને કબરને સ્વાધીન કર્યા હતા.તેમાં તેમણે પોતાની મહાનતા દેખાડીને આ જઘન્ય અપરાધ કબુલ્યો છે.

અસહિષ્ણુતા વધારતા કે સંસ્કાર,સભ્યતાને લજવતાં નિવેદનો કે જેનાથી વિવાદો વકરી શકે છે તેમ લાગે ત્યારે સંઘ હોય કે તેમની રાજકીય સંસ્થા કે ભગીની સંસ્થાઓ પલટવારમાં નિવેદન જારી કરીને તેમને આ નિવેદન સાથે કોઈ લેવાદેવા નથી અને આ મંતવ્ય નિવેદન કરનારનું અંગત મંતવ્ય છે એમ કહીને છેડો ફાડી દેવો એ તેમની પ્રકૃતિ છે.આજ પ્રમાણે સંઘે ત્વરીત નિવેદન જારી કરીને કહ્યુ હતું કે સંઘ આ પ્રકારની કોઈપણ હિંસામાં વિશ્વાસ ધરાવતો નથી અને આ નિવેદન સાથે સંઘને કોઈ નિસ્બત નથી.પરંતુ એટલું તો નક્કી છે કે આ નિવેદનનને બહારને ડાબેરીઓને બોલવાનું ચોક્કસ બહાનું મળી ગયું છે.આ સાથે સંઘમાં છેલ્લા કેટલાક સમયથી કેટલાક ઉદ્દામવાદી તત્વો ઘુસી ગયા હોવાના આક્ષેપોને બળ મળી રહ્યું છે.કેરળમાં ડાબેરીઓ તથા કોંગ્રેસ વારાફરતી સત્તા ભોગવી રહ્યા છે.કેરળમાં સંઘ પણ લાંબા સમયથી સક્રિય છે અને સંઘની રાજકીય પાંખ ભારતીય જનતા પાર્ટી કેરળના રાજકારણમાં પોતાનો પગ મજબુત કરવા પ્રયત્નશીલ રહ્યો છે.પરંતુ તેની કારી ફાવતી નથી.ડાબેરીઓ અને સંઘની વિચારધારાની કટ્ટર લડાઈ વૈમનસ્યમાં ફેરવાઈ ચુકી છે.સંઘ દ્વારા લાંબા સમયથી થઈ રહેલા આક્ષેપો મુજબ ડાબેરી શાસન સંઘના કાર્યકરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. અને છેલ્લા કેટલાક વર્ષોમાં સંઘના કેટલાય કાર્યકરોને મોતના ઘાટ ઉતારી દેવાયા છે.બહુ બૌધ્ધિક ડંફાશો હાંકતા ડાબેરીઓ માટે આવી હિંસાના આક્ષેપો નવાઈની વાત નથી.ભુતકાળમાં બંગાળમાં પણ ડાબેરીઓ સામે આવા આક્ષેપો થઈ ચુક્યા છે.ડાબેરીઓનો બંગાળમાંથી એકડો કાઢી નાંખવામાં મમતા બેનરજીનો તુણમુલ કોંગ્રેસને સફળતા મળી તેનું એક કારણ એ પણ છે કે તુણમુળના કાર્યકરોએ ડાબેરીઓ સામે આંખ સાટે આંખની ભાષામાં વાત કરી. તુણમુળના કાર્યકરોનો મેથીપાક ખાઈને ડાબેરીઓ સીધાદોર થઈ ગયા છે.લોકશાહીમાં આવી રાજકીય હિંસા સર્વથા વખોડવા લાયક છે.કેરળમાં સંઘના કાર્યકરો પર હુમલાના આક્ષેપો સાચા હોય તો ડાબેરી સરકારે તેને ગંભીરતાથી લઈ તટસ્થ તપાસ કરી આવી રાજકીય હિંસા ડામવા માટે કડકમાં કડક પગલાં લેવા જોઈએ.સંઘને આ મામલે વિરોધ કે રજુઆત કરવાનો પુરેપુરો અધિકાર છે.પ રંતુ સંઘના પદાધિકારી મુખ્યપ્રધાનની હત્યા માટે ઉશ્કેરણી કરે એ બિલકુલ અસ્વીકાર્ય છે.સંઘ આ પદાધિકારી સામે શું પગલાં ભરે છે તેની રાહ સમગ્ર દેશ જોઈ રહ્યો છે.

છેલ્લા સમાચારો મળ્યા મુજબ સંઘ પરિવારના લોકો જાગ્યા અને કુંદન ચંદ્રાવતને તેમના પદ પરથી હટાવી દેવાયા છે.

(સૌ. ન.ગુ.સ આધારિત)




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ 
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.